

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ઘૂમે રાજકારણની માખી સત્તાની આસપાસ!
ને ઘૂમે અનામત માત્ર ધ્યેયની આસપાસ!
હતી આશ, મોટી 'પાસ'માં બધાને સમાધાનની -
છતાં ફૂટ્યું સત્તાનું કિરણ ફૂટની આસપાસ!
(ભાજપ ઘેલમાં)

### હાઈકુ

'જેટ' કહી ને -
ફોડી તો માત્ર 'કોઠી'
દિવસે તારા...
(જેટલીનું બજેટ)

રહી જાય છે!
બંધ રેડીયોમાં જ -
મન ની વાત!
(મોળો પડતો પ્રતિસાદ)

### ચિંતન

**ધવલયતિ સમગ્રં ચંદ્રમા જીવલોકં**
**કિમતિ નિજકલંકં નાત્મ સંસ્થં પ્રમર્ષ્ટિ ।**
**ભવતિ વિદિતમેત પ્રાયસઃ સજ્જનાનાં**
**પરહિત નિરતાનામદરો નાત્મકાર્યે ॥**

જો ચંદ્રમાં પોતાની ધવલ-સફેદ ચાંદનીથી આખા વિશ્વને શ્વેત-ધોળું કરી શકતા હોય તો - પોતાના હૃદય પર રહેલો કલંકનો કાળો ડાઘ દૂર કેમ નથી કરતા એ જાણો છો?

સામાન્ય રીતે સંત-સજ્જન-વ્યક્તિનો સ્વભાવ જ એવો હોય છે કે તે પારકાના ભલાં અન્યના હિતનો જ વિચાર પ્રથમ કરતા રહે છે. આવા લોકો પોતાના સ્વાર્થ અને હિતનો કદાપિ વિચાર જ કરતા નથી.'

ચંદ્ર ને એક સજ્જન વ્યક્તિ અને તેના સ્વભાવ સાથે કરવામાં આવી છે તેથી વિશ્વને સફેદ પ્રકાશથી રંગી નાખનાર પોતાની કાળાશ ને દૂર નથી કરતા.

### સુવિચાર

- ગમે તેટલો ઘરડો માણસ હોય પણ
  હંમેશા કંઈક નવું શીખવા જેટલો યુવાન તો હોય જ છે - **થોમસ કાર્લાઈલ**
- માણસને 'પ્રેમધર્મ' સમજાતો નથી એટલે જ ધર્મપ્રેમ નામે યુદ્ધો થતાં રહે છે - **ગુણવંત શાહ**
- પરોપકાર માટેનું જાગરણ પણ એક સમાધિ છે - **મોરારિ બાપુ**
- દુનિયાનું સર્વોત્તમ મને ગમતું વાક્ય... 'કોઈ એક વ્યક્તિ જેનું સર્વસ્વ 'તમે' છો...' - **પ્રણવ પંડ્યા**
- માણસે માત્ર વરસોમાં આગળ નથી વધવાનું પણ
  ભીતરની યાત્રામાં પણ તેને આગળ વધવાનું છે - **ભૂપત વડોદરિયા**
- દરેક માણસ સતત સુખની શોધમાં વ્યસ્ત રહે છે,
  જયારે એ સુખથી ઘેરાયેલ હોય ત્યારે પણ - **ઝેન કથન**
- આજનું ઔષધ : મધમાખીનાં ડંખ ઉપર તપકીર ચોપડવાથી પીડા મટે છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આપણે સૌ એમ માનીએ છીએ કે મારા પરિવારનું ભરણપોષણ હું જ કરું છું. મારા સિવાય બીજું કોણ કરે? એટલે જ ખાયકી કરનારા સાત-સાત પેઢી ચાલે એટલું કૌભાંડ કરતા હોય છે. એમને ઈશ્વરનો ડર કે ભરોસો હોતો નથી.

એક વેપારીને વેપારમાં મોટી ખોટ જતાં દેવાદાર થઈ ગયો. મોટો પરિવાર તેના પર નિર્ભર હતો. સંત પાસે ગયો ખૂબ દુ:ખી થઈ રડ્યો. કહ્યું હવે મારા પરિવારનું શું થશે?

સંત ત્યારે એક કીડીનાં ઝૂંડને જોતા હતા. કેટલીક કીડી સાથે મળી એક સીંગદાણો દર તરફ લી જતી હતી. સંતે વેપારીને એ કીડીઓ બતાવીને કહ્યું, જો કીડીઓ કયાંક વેપાર કરવા ગઈ નથી છતાં ઈશ્વરે તેને ખોરાક આપી દીધો છે.

આપણે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જ જવાનું છે. સૌ સોનાં નશીબનું જ ખાય છે. આપણે ઈશ્વરમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખી માત્ર પુરુષાર્થ-પરિશ્રમ કરવો જોઈએ. મારા વિના મારા પરિવારનું શું થશે એ નિરર્થ ચિંતા અને ખોટું અભિમાન જ છે.

## અમેરિકામાં હિલેરી અને ટ્રમ્પ વચ્ચે તીવ્ર સ્પર્ધા

### તંત્રીસ્થાનેથી...

વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી ગણાતા અમેરિકામાં ડેમોક્રેડિક અને રિપબલ્લિક પાર્ટીઓ હવે આગામી પ્રમુખપદ માટે ઉમેદવારો સુનિશ્ચિત કરી દીધા છે. બુધ પરિવારના બે પ્રમુખો પણ રિપબ્લિકનો સત્તા ઉપર આવી શકેલ નથી. ઓબામા સતત બે ટર્મ સુધી લોકપ્રિય ડેમોક્રેટ ઉમેદવાર તરીકે અમેરિકોના હૈયા પર રાજ કરતા રહ્યા છે. એક રીતે કહીએ તો તેઓ એમના પુરોગામી બિલ ક્લિન્ટન કરતાં પણ આગળ નીકળી ગયા છે. વળી અમેરિકાના ઈતિહાસમાં એ પહેલાં અશ્વેત નેતા છે, જે પ્રમુખ પદ સુધી પહોંચ્યા - એટલું જ નહીં, એમણે 'યસ, આઈ, કેન' કહી અમેરિકાની એની મંદીમાંથી બહાર આણવાનું બીડું પણ પાર પાડ્યું અને જે કામ બુશ નહોતા કરી શક્યા તે - ઓસામા બિન લાદેન જેવાને જેર કરવાનું કામ પણ પાર પાડ્યું. આથી એક તરફ દુનિયાની જમાદારી કરવાની કોશિશ કરનાર અમેરિકન પ્રમુખ બુશની ઈરાકના સરમુખત્યાર સદ્દામ હુસેનને બરબાદ કરવા પાછલ રાસાયણિક હથિયારોની થિયરી ખોટી પડતાં ટીકા થઈ હતી, તેની સામે ઓબામાની લોકપ્રિયતાનો ગ્રાફ નીચો ઊતર્યો હોવા છતાં સિરિયામાં એમણે અપનાવેલી યુદ્ધનીતિની ટીકા નથી થઈ. ઓબામા સામે પ્રમુખપદની રેસમાં પાછળ રહી ગયેલાં હિલેરી ક્લિન્ટન એમના પ્રથમ કાર્યકાળ દરમિયાન અમેરિકામાં વિદેશ પ્રધાન તરીકે સફળ કામગીરી બજાવી ચૂકેલા મહિલા છે. વળી જેમ ઓબામા પ્રથમ 'અશ્વેત પ્રમુખ' તરીકેનું ગૌરવ ધરાવે છે તેમ જો હિલેરી ચૂંટાઈ આવશે તો તેઓ અમેરિકાના પ્રથમ મહિલા પ્રમુખ બનશે. બિલ ક્લિન્ટન જેવા લોકપ્રિય પ્રમુખનાં જીવનસંગિનીએ ઉદારતાપૂર્વક પતિના લગ્નેત્તર સંબંધો સહી લીધા એથી પ્રજામાં એમની ઈમેજ ઘણી ઊંચી છે. સામે પક્ષે રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ માફિયાઓ સાથે સાંઠગાંઠ ધરાવતા નેતા ગણાય છે. અમેરિકાના સૌથી ધનાઢ્ય પરિવારો પૈકીના એક એવા ટ્રમ્પ વારંવાર વિચિત્ર હરકતો અને વિવાદાસ્પદ નિવેદનો કરતા રહ્યા છે. છેલ્લે એમણે મુસ્લિમ વિરોધી અભિગમ અપનાવી - એને ચૂંટણી મુદ્દો બનાવી ખ્રિસ્તી પ્રજાના મત મેળવવાનો વ્યૂહ અપનાવ્યો છે. તેઓ કોઈ મુસલમાનને અમેરિકામાં નહીં પેસવા દે - એવા મતલબની ડંફાસથી દુનિયા આપી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ છે. એમણે ભારતીય વિરુદ્ધ પણ ઝેર ઓકવાનું શરુ કર્યું છે. ભારતીયો અને ચીનાઓ પાસેથી નોકરીઓ છીનવી લઈ પોતે અમેરિકનોને નોકરીઓ આપશે, એવી જાહેરાતથી ત્યાં વસતા એશિયનો સ્વાભાવિક રીતે જ સૌમ્ય-સૌજન્યશીલ નેતા હિલેરી ક્લિન્ટન તરફ ઢળે એવી શક્યતા વધી ગઈ છે. આશ્ચર્યની વાત એ છે કે આવા અંતિમવાદી વલણ ધરાવતા ડોલાન્ડ ટ્રમ્પ કે જેમની સામે ભૂતકાળમાં બળાત્કારની કોશિશ સુધીના આક્ષેપો પડેલા છે, તેમને રિપબ્લિકન પાર્ટીમાંથી જબરજસ્ત સમર્થન સાંપડી રહ્યું છે. જો ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે બિરાજમાન થશે તો કદાચ અમેરિકાની આખી છબી જ બદલાઈ જશે. એમના કઠોર વલણને લીધે તેઓ ભાગ્યે જ દુનિયાના અન્ય દેશો સાથે સારા સંબંધો જાળવી શકશે. અમેરિકા એ વિશ્વની મહાસત્તા છે, એટલે સ્વાભાવિક રીતે જ ત્યાંની ચૂંટણી તરફ આખી દુનિયાની નજર મંડાયેલી રહેશે.

## સિનેમા, સિરિયલ અને રમતગમત વિગેરેનો જે પ્રચાર થઈ રહ્યો છે, એટલો સાહિત્ય કૃતિઓનો કયાં થાય છે



### નવાં કલેવર

નટવર હેડાઉ

કવિનચંદ્ર સદાય કૃતિની ચિંતામાં રહેતા. કાયમ તેનાં વખાણ કરતા, તેમના મિત્રો પણ આ સાંભળવા ઉત્સુક રહેતા. કૃતિનો કોઈએ જોઈ ન હતી. કવિનચંદ્રના મુખે તે સુશિક્ષિત, સુશીલ, સુંદર અને સ્લીમ હોવાની વાત ઘણા સમયથી સાંભળતા આવ્યા હતા. કયારેક કયારેક કવિનચંદ્ર ખુબ ચિંતા સાથે કહેતા, 'મેં ખુબ મહેનતથી તેનું પાલન પોષણ કર્યું છે.'

એક દિવસ તેમના મિત્ર અતુલે પુછ્યું 'યાર, તમે અવારનવાર કૃતિની વાત કરો છો પણ આજ દિન સુધી અમે તેને જોઈ નથી. ચ્હા પણ તમારાં પત્ની આવીને મુકી જાય છે. કૃતિ તો આજ સુધી જોવા જ નથી મળી.'

કવિનચંદ્ર બોલ્યા, 'એ તેના કાકાને ઘેર ગઈ છે.'

'તો તમને એની ચિંતા છે?'

'હાં યોગ મળતા નથી.'

'સારું, કોઈ ઓળખીતાં ને વાત કરીશું, કદાચ કોઈ મળી જાય. સારકું ત્યારે નીકળું છું.' કહી અતુલ ગયો.

એક દિવસ ઘરના બારણે કોલબેલ વાગી. કવિનચંદ્રે બારણું ખોલ્યું. જોયું તો સામે એક અજાણ વ્યક્તિ હતી. કવિનચંદ્ર બોલ્યા, 'આવો પધારો, આપનો પરિચય?'

મારો પરિચય એ કે હું તમારા મિત્રો પાસેથી તમારી કૃતિના વખાણ સાંભળીને આવ્યો છું. કયાં છે કૃતિ?'

'કૃતિ તો તેના કાકાને ઘરે ગઈ છે.'

'તેનો કોઈ ફોટો?'

'તેણે આજ સુધી ફોટો પડાવ્યો જ નથી. તેને એ વાતની ચીડ છે.'

'એવું સાંભળવા મળ્યું છે કે ખુબ સુશિક્ષિત, સુશીલ, સુંદર અને સ્લિમ છે.'

'હાં એ તો છે.'

'મને એવી જ જોઈએ, તમે કેટલો ખર્ચ કરશો.'

'ખર્ચાની વાત કરો છો?' એ પણ આ જમાનામાં

'ખર્ચો કર્યા વિના તો કંઈ નહીં થાય.'

'તો કંઈ નહીં, મારે એવું નથી કરવું'

'તમે અવ્યવહારીક વાત કરો છો.'

'સારું ભાઈ આભાર' કહી આગંતૂક ચાલ્યા ગયા.

એક દિવસ બીજા એક ભાઈ આવ્યા. આજુબાજુમાં કવિનચંદ્રનું સરનામું પૂછવા લાગ્યા. તેવામાં કવિનચંદ્ર બહાર આવતાં તેમણે જ કહ્યું, 'અરે! આવો... આવો...'

આવનાર વિવેકે ઘરમાં આવી કવિનચંદ્ર સાથે વાતચીત શરુ કરી, તેણે પણ કહ્યું, 'તમારા એક નજીકના મિત્ર પાસેથી તમારી કૃતિની પ્રશંસા સાંભળીને આવ્યો છું. એવું સાંભળવા મળ્યું છે કે કૃતિ સુશિક્ષિત, સુંદર અને સ્લિમ છે. તમે તેને બોલાવશો?'

'તમારી ઓળખાણ?'

'હું એક પ્રેસનો માલિક છું. આધુનિક લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતું મારું પ્રેસ છે.'

'આવું છું.' કહી કવિનચંદ્ર એક હસ્તલિખિત પુસ્તક લઈને આવ્યા. તેના મુખપૃષ્ઠ પર મોટા અક્ષરે લખેલું હતું 'કૃતિ.'

'લ્યો, આ રહી કૃતિ' તેમણે વિવેકને કહ્યું.

વિવેક આશ્ચર્યથી કવિનચંદ્ર તરફ જોઈ રહ્યો. પછી બોલ્યો, 'તમે આટલા દિવસથી આટલા લોકો પાસે જે કૃતિના વખાણ કરતા હતા તે આ છે?'

'અને તે જોરથી હસી પડ્યા.' દોસ્ત તમે ગજબ છો હોં!

'કેમ આ કૃતિ નથી?'

'હાં કૃતિ જ છે. પણ સ્લિવ, સુશિક્ષિત, સુશીલ અને સુંદર એ બધી વાતનું શું?'

'શું વાત કરો છો. આ સ્લિવ નથી?' શું મોટું થોથું છે? પુસ્તકનીઉત્તમતા તેના પૃષ્ઠોથી આંકો છો.

'વાત તો બિલકુલ સાચી છે. પણ એ તરફ કોઈ ધ્યાન દેતું નથી.'

'શું સાહિત્યને ત્રાજવે તોલી શકાય ખરું?' જૂઓને એ પોતે સુશિક્ષિત છે. તેમજ તેને જે વાંચશે તે સુશિક્ષિત થશે. તમારા જેવી કોઈ વ્યક્તિ પાસે જઈ તેનું રુપ વધુ સુંદર થઈ જશે.

વિવેક પોતાનું હસવું રોકી ન શક્યો. 'મારે એક છોકરો છે તેના સંબંધ બાબતે આવેલો, તમે લગ્ન વિષયક જાહેરાત આપ્યા વિના પરિચિતો દ્વારા એવો પ્રચાર કરી દીધેલો કે વાત સ્પષ્ટ થતી નહોતી.'

'હાં,જી કૃતિ કોઈ છોકરી નથી. જેના માટે લગ્નની જાહેરાત આપવી પડે. આ તો રચના છે. તમે પ્રચારથી ઉત્સુકતાવશ સ્વયં સ્પર્શ કરવા આવ્યા. નહીંતર હું હસ્તપ્રત લઈને કયાં

અનુસંધાન પાના નં. ૭ પર

## ટાઈમ આપવો, સ્પેસ આપવી એટલે પણ પ્રેમ



### ગુલમોર

દિનેશ દેસાઈ

ગાંધીજી કહેતા કે "જે લોકો એમ કહેતા હોય છે કે તેમની પાસે સમય જ નથી, તો તે લોકો દિલચોરી કરે છે, એટલે કે પોતાની જાતને જ છેતરી રહ્યા છે. તે લોકો અવ્યવસ્થિત જીવન જીવી રહ્યા છે."

જેમનું જીવન જ અવ્યવસ્થિત હોય એ તમને પ્રેમ કે ટાઈમ કે સ્પેસ કેવી રીતે આપી શકે? એ પણ સમજવા જેવી વાત છે. આપણી પાસે સમય નથી એવી ખોટી ફરિયાદ કરીને આપણી જાતને જ ઘણી વાર છેતરતા હોઈએ છીએ. સામી વ્યક્તિ અથવા સાંભળનારી વ્યક્તિ સાચું માની લેશે, પરંતુ આપણા અંતરાત્માને ખબર હોય છે કે આપણી પાસે ખરેખર સમય છે જ. કારણ કે આપણી પ્રાયોરિટી માટે આપણી પાસે સમય હોય જ છે.

આપણી ફરજ, આપણી નોકરી કે વ્યવસાય અથવા આપણા ગમતા કામ કરવા માટે તો આપણી પાસે સમય હોય જ છે. આપણી પ્રાયોરિટી માટે આપણી પાસે સમય રહેતો હોય છે. જ્યારે આપણે કોઈને સમય આપી શકતા નથી, ત્યારે એનો અર્થ એટલો જ થયો કે આપણે તેને પ્રાયોરિટી આપી રહ્યા નથી. જ્યારે આપણી પાસે કોઈ માટે થોડો પણ સમય નથી હોતો, તેનો અર્થ એટલો જ કે આપણે તેને સમય પણ નથી આપી રહ્યા એટલે કે તેને મહત્વ પણ આપી રહ્યા નથી. આમ આપણે તેને નજરઅંદાજ કરી રહ્યા છીએ, તેના અસ્તિત્વનો, તેની સાથેના સંબંધનો પણ ઈનકાર કરી રહ્યા છીએ.

પ્રાયોરિટી એટલે શું? ગમતું કામ અને ગમતી વ્યક્તિ એટલે આપણી પ્રાયોરિટી. આજના સમયમાં જો કોઈ પ્રિયજનને, ગમતી વ્યક્તિને આપવા જેવી પ્રાઈસલેસ ગિફ્ટ હોય તો એ બે બાબત છે (૧) ટાઈમ અને (૨) સ્પેસ. જે રીતે આપણા સ્વજનને આપણે પૂરતો સમય આપવો જ જોઈએ. પછી એ સ્વજન માત્ર પ્રિયજન કે જીવનસાથી યા મિત્ર જ નહીં, સંતાન, સંબંધી અને મા-બાપ કે ભાઈ-બહેન પણ હોઈ શકે.

એવી જ બીજી પ્રાઈસલેસ ગિફ્ટ એટલે સ્પેસ આપવી. વ્યક્તિને સાવ અંગત પ્રાઈવસી પણ પુરી પાડવી જોઈએ. પ્રેમ, સ્નેહ અથવા લાગણી છે એવું દર્શાવવાના બહાને નજીકની વ્યક્તિની જાસુસી કરવાનું છોડી દેવું જોઈએ. જેમ કે (૧) ક્યાં છો? (૨) શું કરો છો? (૩) મોબાઈલ કેમ એન્ગેજ આવતો હતો? (૪) મોબાઈલ બંધ કેમ હતો? (૫) કેટલા વાગે ઓફિસથી નીકળશો? (૬) ઓફિસથી કેમ નીકળ્યા નથી? (૭) હજુ કેમ પહોંચ્યા નથી, કેમ વાર લાગી? (૮) ક્યાં જઈ રહ્યા છો? (૯) મીટિંગ છે તો કોની સાથે છે, કેટલા કલાક મીટિંગ ચાલશે? (૧૦) આજે રજા છે તો ઓફિસ કેમ જવાનું થયું? પહેલી નજરમાં તો આવા સવાલો સાવ સ્વાભાવિક લાગે અને કોઈ આપણી ચિંતા કરી રહ્યું હોય એવું જ લાગે.

આપણે યા તો ગમતી અને નજીકની વ્યક્તિને સમય નથી આપતા અથવા સ્પેસ પણ નથી આપતા. અથવા કોઈને નજરઅંદાજ કરવાની હદ સુધી સ્પેસ આપીને તેને એકલા પણ પાડી દઈએ છીએ. મુખ્ય મુદ્દો હુંફ અને લાગણીનો છે અને વાત રિલેશનશીપમાં બેલેન્સ જાળવવાની છે.

પ્રાથમિક શાળાની શિક્ષિકાએ કહેલો એક હૃદયસ્પર્શી પ્રસંગ છે. શાળામાં વિદ્યાર્થીઓને આપેલું ગૃહકાર્ય તપાસવા માટે શિક્ષિકા ગૃહકાર્યની નોટ્સ ઘરે લાવ્યાં હતાં. રાબેતા મુજબ તપાસીને ગુણ આપી રહ્યાં હતાં. એવામાં એક નોટ્સ પાસે તેમની નજર અટકી ગઈ. બધું વાંચીને આંખો ભીની થવા માંડી.

રાતનો સમય હતો. તેમનાં પતિ આરામ કરવાની સાથે મોબાઈલમાં કશુંક વાંચી રહ્યા હતા. તેમની નજર પડી કે પત્નીની આંખમાં આંસુ છે, તેમણે પત્નીને રડવાનું કારણ પૂછ્યું.

શિક્ષિકા પત્નીએ જવાબમાં કહ્યું કે "એક દિવસ પહેલા મેં વર્ગના વિદ્યાર્થીઓને ગૃહકાર્ય તરીકે 'મારી સૌથી મોટી ઈચ્છા' વિષય ઉપર નિબંધ લખવા આપ્યો હતો. એક વિદ્યાર્થીએ ભગવાનને સંબોધીને લખ્યું છે કે હે ભગવાન, મારી ઈચ્છા છે કે તમે મને મોબાઈલ બનાવી દો..."

આ સાંભળીને તેમનાં પતિ હસી પડ્યા.

આથી શિક્ષિકા પત્નીએ કહ્યું કે "આગળ સાંભળો તો ખરા. આમાં હસવા જેવું કશું નથી. વિદ્યાર્થીએ લખ્યું છે કે 'જો હું મોબાઈલ બની જાઉં તો ઘરમાં મારું એક ખાસ સ્થાન ઉભું થશે અને આખો પરિવાર મારી આજુબાજુ જ રહેશે. મને એક ઘડી પણ પોતાનાથી દૂર નહીં કરે. અરે, સૂતી વખતે પણ મને છાતી ઉપર રાખીને સૂઈ જશે. જ્યારે હું બોલીશ ત્યારે બધા જ મને ધ્યાનથી સાંભળશે. મને કોઈ રોક-ટોક નહીં કરે. મને કોઈ સામો સવાલ પણ નહીં કરે. હું મોબાઈલ બનીશ તો પપ્પા મને ઓફિસ તો સાથે લઈ જ જશે અને સાંજે ઓફિસથી ઘરે થાકીને આવ્યા હોય તો પણ મારી સાથે બેસીને રમ્યા કરશે. મમ્મી જ્યારે પણ ટેન્શનમાં હોય તેમ છતા મને વઢશે નહીં અને વળી મમ્મીનો મૂડ નહીં હોય તો પણ તે મારી સાથે જ રહેવાનું અને મારી સાથે રમવાનું જ પસંદ કરશે. મારાથી મોટા ભાઈ અને બહેન પણ મને પોતાની પાસે રાખવા માટે અંદરોઅંદર મીઠો ઝગડો કર્યા કરશે. એટલે સુધી કે મોબાઈલ બંધ થઈ ગયો હશે તો પણ તેની એટલી જ સારસંભાળ રાખવામાં આવશે. મોબાઈલ બનીને હું આખરે તો પરિવારના સૌ લોકોને ખુશી અને આનંદ આપી શકીશ, એ જ મારા માટે સંતોષની વાત રહેશે.' (પતિને ઉદ્દેશીને) બોલો, હવે આમાં તમને હસવા જેવું શું લાગ્યું?"

આ સાંભળીને પતિ ભીના અવાજમાં એટલું જ બોલી શક્યા કે "હે, ભગવાન... બિચારો બાળક... આજકાલના મા-બાપ ભલે આધુનિક બન્યાં પરંતુ પોતાનાં સંતાન તરફ ધ્યાન આપવાનો જરા પણ સમય હોતો નથી. બહુ જ દુ:ખની વાત કહેવાય."

શિક્ષિકા પત્નીએ આંખોમાં આંસુ સાથે પોતાના પતિને કહ્યું કે "તમે જાણો છો કે આ બાળક કોણ છે? એના મા-બાપ કોણ છે? આપણા જ દીકરા મોન્ટુએ આ બધું લખ્યું છે."

આ સાંભળીને તો શિક્ષિકાનાં પતિ સાવ ચમકી જ ગયા. એમને પોતાની રહેણીકરણીના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અને એના કારણે પોતાની ભુલ પણ સમજાઈ. મોન્ટુ એ કદાચ તમારો દીકરો કે દીકરી પણ હોઈ શકે છે. આજની ફાસ્ટ લાઈફ અને સુખસુવિધાના તમામ સાધનો અને સગવડો બધાને ગમે છે. કોને ના ગમે? પરંતુ આધુનિકતા જો તમારી જિંદગી પાસેથી તમારો પ્રેમ, લાગણી, સંવેદના, પ્રમાણિકતા, વફાદારી, હૂંફ, સદભાવના છીનવી લેતી હોય તો એવી આધુનિકતાને છોડવી જ રહી.

સ્ટોપર:-

"સંબંધની શરુઆત સહેલી છે, પરંતુ સંબંધ જાળવવો અઘરો છે."

## પાસ-નાપાસ...!! શ્વાસ ઘોટવા કરતાં છેલ્લાં શ્વાસ સુધી લડવું સારું...!!



### Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

પરીક્ષાના સમયે એક પિતાએ એના સંતાનને લખેલો પત્ર...

પ્રિય બેટા,

બધાં જ વિદ્યાર્થીઓ કંઈ ગુણવાન નથી હોતાં, અને બધાં જ કંઈ હોંશિયાર પણ નથી હોતા. ૬૦ના વર્ગમાં પહેલો નંબર એક જ વિદ્યાર્થીનો આવે છે એટલે કંઈ બાકીના ૫૯ ડફોળ નથી હોતા. આ બધું તનેય વખત થતાં સમજાશે, પણ અત્યારે જરા મારી થોડી વાતો જરા ધ્યાનથી સાંભળ...

દુનિયાના દરેક મહાપુરુષમાં પણ એક સામાન્ય બુદ્ધિનો વિદ્યાર્થી રહેલો જ હોય છે અને સામાન્ય બુદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓ પણ વિવિધક્ષેત્રે અસામાન્ય દેખાવ કરે જ છે. એ બધાં ઓછાં માર્ક્સ હોવા છતાં જિંદગીની લડાઈ જાતે લડીને સંઘર્ષ કરીને, મહેનત કરીને સિદ્ધિને વરેલા છે. ગરબડીયા અક્ષરવાળા ગાંધીજીથી લઈ નોકરીમાં નકાર પામનારા ઝકરબર્ગ સુધી બધાં જ મર્યાદીત માર્ક્સ છતાં દુનિયાની ટોચે બિરાજમાન થયાં છે...

બધી જ વસ્તુઓ કે શિક્ષણ ઝટપટ મળતું નથી. અને બધું આત્મસાત પણ થતું નથી. અને તોય શિક્ષણને બાજુમાં મૂકવું પોસાય એમ નથી. સફળ થવા માટે માર્કશિટ નથી જોવાતી છતાંય એન્ટ્રી માટે જરુર તો પડે જ છે. ટેન્શનમાં ડુબીને મેળવેલી સફળતાં કરતાં પ્રમાણમાં રહીને મેળવોલે યશ વધુ મૂલ્યવાન છે... યશ કેવી રીતે મેળવવો એ શીખી લે, અને ધારો કે મળી જ ગયો તો કેવી રીતે પચાવવો એ જરુર શીખ!

સ્કૂલમાં કદાચ નહીં ભણાવતાં હોય તોય તું ભણ, દિવસ-રાત ખેતરમાં મજૂરી કરતાં, પરસેવો પાડતાં અને પછી પાક લણતાં બાપ સામે જોઈને પણ ભણ... તારાં ભણતર માટે વીઘો વેચવો પડશે તો વેચીશ, તારાં સ્વપ્નાં પુરી કરીશ, તને ઉચ્ચ કારકિર્દી માટે સર્વસ્વ ત્યાગનારા બાપ સામે જોઈને ભણ, આત્મવિશ્વાસ ગુમાવીશ નહીં. થોડા દિવસ ટી.વી. મોબાઈલને બંધ રાખ, મેં તારા માટે ત્રણ વર્ષથી ટીવીનો ત્યાગ કર્યો છે, એટલું યાદ રાખીનેય ભણ... પરિણામ ગમે તે હશે ચાલશે, પ્રયત્ન ઓછો ના પડવો જોઈએ.

> ડાયરીમાં 'ફી ભરો' ની નોંધ જયાં ટપકાય છે,
> જોતજોતામાં જ દફતર ડુંગરો થઈ જાય છે!
> એ જ ચડ્ડી, એ જ થીગડું, કૈ જ બદલાયું નથી,
> તો પછી હું કેમ માનું કે સમય બદલાય છે ?
> \- ચંદ્રેશ મકવાણા 'નારાજ'

વ્યવસ્થાની વાતોના કારણો ના બતાવીશ. તારાં સ્વપ્નાં તારો માર્ગ તું જ પ્રશસ્ત કર, તને કદાચ મિત્રો, સમાજ મુર્ખ પણ ગણશે, પણ તું એમને કહી દે જે કે 'હું વિદ્યાર્થી છું, પરીક્ષાર્થી નથી. માણસ છું. રેસનો ઘોડો નથી.' તારી વાત બીજી વિદ્યાર્થીઓને સમજાવી જો... મૃગજળ પાછળ દોડીને મરવાની જરુર નથી... તારા મિત્રોને એ પણ કહી દે કે, શિક્ષકોનું માનવું - મા-બાપનું માનવું પણ સાથે વાસ્તવિકતા સ્વીકારવી. ખોટી અપેક્ષાના ભારણ નીચે ચગદાઈ જવાં કરતાં, સહન થાય, આનંદ મળે એ જ કરવું.

અને બેટા, એક વાત સમજી લે. ઓછા માર્ક આવે કે નાપાસ થાય તો એની શરમ રાખીશ નહીં. પાસ-નાપાસ બધું પસાર થઈને જીવન તો દોડતું રહે છે. મા-બાપને ઘોડાના માલિક સમજી રેસમાં જીતવાનો પ્રયત્ન કરીશ નહીં, તારા વિના એમનું કોણ છે? એવું ભૂલીશ નહીં... જિંદગીમાં ઘણાં રૂપિયા કમાવવા પડે છે. અને એ માટે પ્રામાણિકતાનો પરસેવો પાડજે, આત્મા વેચીને, શરીર વેચીને તો કોઠા પર બેસનારી સ્ત્રીઓ પણ કમાણી કરી લે છે!

તારું મન માને નહીં, હાથ જે કામ કરવા પ્રેરાય નહીં એવી જો કોઈ ક્ષણ આવે જ તો માના ખોળામાં સંતાઈને, મન મજબૂત કરીને એ ક્ષણ સામે બાથ ભીડી લે જે. મન ના માને એ તો કયારેય કરતો જ નહીં. અવળાં માર્ગે આવેલી સંપત્તિ અને સત્તા જેટલી ઝડપી આવે છે. એટલી જ ઝડપથી બેઈજ્જતી કરીને ચાલી પણ જાય છે. બોન્સાઈના ઝાડ પર ફળ ઝડપથી લાગી જાય પણ એમાં સચ્ચાઈની મિઠાશ કયાંથી આવે?



આત્મહત્યા કરવાનો તો કયારેય વિચાર કરીશ જ નહીં. જિંદગી ખતમ કરવી સહેલી છે, પણ એનાથી જિંદગી જીવી જવી અઘરી છે. આત્મહત્યા કરવી પડે એવા કામો જ શું કામ કરવા? પરીક્ષાથી પરિણામ, પ્રેમ કે પછી ચોરી, દરેક પ્રશ્નોના હલ છે. જિંદગી જેટલી લોકો બીવડાવે છે એટલી અઘરી નથી. આત્મહત્યા એ મૂર્ખાઓના ભેજાની કમાલ છે. એ માટે અક્કલ ના જોઈએ. જીવવા માટે શૌર્ય, સાહસ, અક્કલની જરુર પડે છે.

ભરપૂર ટકા લઈને ડૉકટર બનતો કે એન્જિનિયર બનતો વિદ્યાર્થી શ્રેષ્ઠ છે, પણ સાથે પાણી-પુરીની લારી કે સારા ચિત્રકાર બનીને પણ વધુ આવક કરી જ શકાય છે. આ જીવનમાં કોઈ પણ સાચા માર્ગે થતાં કાર્યો હલકાં નથી... એકાદ ચોમાસું ફેલ ગયા બાદ તારા બાપે આત્મહત્યા કરી નથી, પણ વધુ મહેનત કરી બીજા વર્ષે સારો પાક આવે એ માટે પ્રાર્થના અને મજૂરી કરી છે, એટલું જરા યાદ કરી લે જે...

કૉલેજ કોઈ સારી કે ખરાબ હોતી જ નથી. આપણા વિચાર, આપણો અભ્યાસ, ધગશ જ સફળતા અને સિદ્ધિને વરે છે. આઈ.આઈ.ટી.ના બધાં વિદ્યાર્થીઓ સફળ બિઝનેશમેન નથી બન્યા, બધાં જ ડૉકટરોની પ્રેક્ટિસ જોરદાર નથી ચાલતી, મોંઘી ફી વસૂલતી શાળાનાં બધાં જ વિદ્યાર્થીઓ ટૉપર નથી હોતાં... એટલે એક વાત નક્કી છે સુવિદા મળે એ સારી બાબત છે, પણ સુવિધાથી પરિણામ શ્રેષ્ઠ આવે એવું જરુરી નથી.

મને ખબર છે આજના જમાનામાં ભણવું, માર્કસ લાવવું, સ્પર્ધામાં ટકવાં જરુરી છે. સારી કૉલેજમાં પ્રવેશ મેળવવા આ કરી શકો તો ખુબ જ સારું પણ ના કરી શકો તો કંઈ તમે રખડી નથી પડવાનાં એ જરુર યાદ રાખો. તારે એ પણ યાદ રાખવું જોઈએ કે રીક્ષા ડ્રાઈવર, મજૂરી કરતી સ્ત્રી કે સિલાઈ કામ કરતી માતાના બાળકો પણ આર્થિક સંકડામણ હોવાં છતાં સફળતાને ચૂમી શક્યાં છે.

બેટા, ફેશનના રવાડે ચઢવાની આ ઉંમર નથી, હીરો-હીરોઈનનું કામ રુપાળા દેખાઈ, એમની ફૅશનથી ટીવી-ફિલ્મોને શફળ કરવાનું છે. એમનાં જેવા કપડાં કે હૅર સ્ટાઈલથી કદાચ મિત્રોમાં વટ પડે, લોકો વખાણે, તું ફેન્ટસીમાં રાચે એનાથી વધુ કશું નહીં વળે. બાહ્ય દેખાવ એકાદ વખત કામમાં આવી શકે, ગુણો કાયમી કામમાં આવશે એટલું યાદ રાખજે...

મારે તને આ બધું કહેવું પડે છે, કારણ કે હું બાપ છું, તારું ભલું ઈચ્છું છું, મારી અધુરી ઈચ્છા, સ્વપ્ના તું ડાઉનલોડ કરે એવું લાગે છે,

અનુસંધાન પાના નં. ૭ પર